RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 213, Dt.26-11-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# 'વન નેશન વન સબસ્ક્રીપ્શન' યોજનાને કેન્દ્રની લીલીઝંડી

## આ યોજના દ્વારા અંદાજે ૧.૮ કરોડ વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો અને વૈજ્ઞાનિકોને ઉચ્ચ ગુણવત્તાના અખબારો અને સામયિકો વાંચવાનો લાભ મળશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય કેબિનેટે સોમવારે વન નેશન વન સબસ્ક્રિપ્શન સ્કીમને મંજૂરી આપી છે. આનાથી સરકાર અને સંશોધન અને વિકાસ સંસ્થાઓ દ્વારા સંચાલિત તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકો આંતરરાષ્ટ્રીય વિદ્વાનોના સંશોધન, લેખો અને જર્નલ પ્રકાશનોના અભ્યાસનો લાભ મેળવી શકશે.

તેના દ્વારા વિશ્વ પ્રસિદ્ધ સામયિકો અને સંશોધન અભ્યાસ માટે લવાજમ લેવામાં આવશે. ઉપરાંત, તે દેશની તમામ મુખ્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મીડિયાકર્મીઓને માહિતી આપતાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આ પહેલ લગભગ ૧.૮ કરોડ વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો અને તમામ વિદ્યાશાખાના વૈજ્ઞાનિકોને વિદ્વતાપૂર્ણ જર્નલ્સ વાંચવાની તક પૂરી પાડશે. આમાં ટાયર ૨ અને ટાયર ૩ શહેરોના લોકો પણ સામેલ છે.



કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે વન નેશન વન સબસ્ક્રિપ્શનમાં કુલ 30 મોટા આંતરરાષ્ટ્રીય જર્નલ પબ્લિશર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રકાશકો દ્વારા પ્રકાશિત લગભગ ૧૩,૦૦૦ ઈ-જર્નલ્સ હવે ૬,૩૦૦ થી વધુ સરકારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને કેન્દ્ર સરકારની સંશોધન અને વિકાસ સંસ્થાઓ માટે સુલભ હશે.

તેમણે કહ્યું કે, સામયિકોના અભ્યાસ માટે લવાજમ લેવામાં આવશે. તેનું સંકલન યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા કરવામાં આવશે. આ સંપૂર્ણ રીતે ડિજિટલ પ્રક્રિયા દ્વારા થશે.

નવી સેન્ટ્રલ સેક્ટર સ્કીમ તરીકે ૩ કેલેન્ડર વર્ષ, ૨૦૨૫, ૨૦૨૬ અને ૨૦૨૭ માટે વન નેશન વન સબસ્ક્રિપ્શન માટે કુલ રૂ. ૬,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. વૈષ્ણવે કહ્યું કે વન નેશન વન સબસ્ક્રિપ્શન એ સરકારી સંસ્થાઓમાં તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકો માટે સંશોધન કરવાનું સરળ બનાવીને વૈશ્વિક સંશોધન ઈકોસિસ્ટમમાં ભારતને સ્થાપિત કરવાની દિશામાં એક સમયસરનું પગલું છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ યાદીમાં ૬,૩૦૦થી વધુ સંસ્થાઓ સામેલ છે. જેમાં અંદાજે ૧.૮ કરોડ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સંશોધકોનો સમાવેશ થાય છે. વન નેશન વન સબસ્ક્રિપ્શનનો લાભ મેળવી શકશે. આ ડેવલપ ઈન્ડિયા ૨૦૪૭, નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) ૨૦૨૦ અને રિસર્ચ નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (ANRF) ના લક્ષ્યોને અનુરૂપ છે. આ પહેલ ટાયર ૨ અને ટાયર ૩ શહેરો સહિત તમામ શાખાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો અને વૈજ્ઞાનિકોના વિશાળ ડાયસ્પોરા સમુદાય સુધી વિદ્વતાપૂર્ણ જર્નલ્સની ઍક્સેસને વિસ્તૃત કરશે. વૈષ્ણવે કહ્યું કે ANRF સમયાંતરે વન નેશન વન સબસ્ક્રિપ્શનના ઉપયોગ અને આ સંસ્થાઓના ભારતીય લેખકોના પ્રકાશનોની સમીક્ષા કરશે.

# ઉત્તર પ્રદેશમાં વિવાદ પર રાજ્ય સરકારનું પક્ષપાતી અને ઉતાવળભર્યું વલણઃ રાહુલ ગાંધી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગઈના સંભલમાં ભડકેલી હિંસા અંગે આજે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું નિવેદન બહાર આવ્યું છે. રાહુલ ગાંધીએ આ હિંસા માટે ભાજપ સરકારને જવાબદાર ઠેરવી છે અને ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી છે. આ ઉપરાંત પ્રિયંકા ગાંધી દ્વારા પણ આ મામલે નિવેદન આપવામાં આવ્યું છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, નસંભલ, ઉત્તર પ્રદેશમાં તાજેતરના વિવાદ પર રાજ્ય સરકારનું પક્ષપાતી અને ઉતાવળભર્યું વલણ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. હિંસા અને ગોળીબારમાં જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી ઊંડી સંવેદના. પ્રશાસન દ્વારા તમામ પક્ષોને સાંભળ્યા વિના અને અસંવેદનશીલતાથી કરવામાં આવેલી કાર્યવાહીથી વાતાવરણ વધુ ખરાબ થયું અને ઘણા લોકોના મૃત્યુ થયા છે.



જેના માટે ભાજપ સરકાર સીધી રીતે જવાબદાર છે. ભાજપ દ્વારા હિન્દુ-મુસ્લિમ સમાજ વચ્ચે તિરાડ અને ભેદભાવ ઉભો કરવા માટે સત્તાનો ઉપયોગ ન તો રાજ્યના અને ન તો દેશના હિતમાં છે.

રાહુલે આગળ કહ્યું કે, નહું સુપ્રીમ કોર્ટને વિનંતી કરું છું કે તે આ મામલે જલદી દરમિયાનગીરી કરે અને ન્યાય કરે. ભારત સાંપ્રદાયિકતા અને નફરતના નહીં પણ એકતા અને બંધારણના માર્ગે આગળ વધે.

પ્રિયંકા ગાંધીએ પણ સંભલ કેસ પર નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, વહીવટીતંત્રે કોઈપણ તપાસ વિના અથવા બંને પક્ષોને વિશ્વાસમાં લીધા વિના ઉતાવળમાં પગલાં લીધાં છે. નઉત્તર પ્રદેશના સંભલમાં અચાનક થયેલા વિવાદને લઈને રાજ્ય સરકારનું વલણ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.

બીજી બાજુ સાંભળ્યા વિના અને બંને પક્ષોને વિશ્વાસમાં લીધા વિના વહીવટીતંત્રે આટલી સંવેદનશીલ બાબતમાં જે ઉતાવળમાં પગલાં લીધાં તે દર્શાવે છે કે, સરકારે જ વાતાવરણ બગાડ્યું છે. પ્રશાસને જરૂરી કાર્યવાહી અને ફરજોનું પાલન કરવું જરૂરી માન્યું ન હતું.

# પોલીસની બેદરકારીના કારણે સરકાર સામે સવાલો ઊભા થયા તો ખેર નથી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી કાયદો અને વ્યવસ્થા જાણે ગુંડાઓ અને અસામાજિક તત્વોની જાગીર બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં દારૂના જથ્થા મળવા, અકસ્માત હોય, દુષ્કર્મ હોય કે અન્ય કોઈ પણ ગુનાઓ હોય, સતત તેમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે અમદાવાદમાં નબીરાએ કરેલ અકસ્માત બાદ ગાંધીનગરમા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં બધા અધિકારીઓનો ગૃહ રાજ્યમંત્રીએ ઉધડો લીધો હતો.



ગાંધીનગરમાં યોજાયેલ બેઠકમાં પોલીસ વિભાગની કામગીરીને લઈ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી એટલી હદે ગુસ્સે ભરાયા કે અધિકારીઓનો જબરો ઉધડો લીધો હતો. સાથે જ પોલીસના આ ઉચ્ચ અધિકારીઓ પાસે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના સવાલોના અધિકારીઓ પાસે જવાબ જ નહોતા.

આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અધિકારીઓને અલ્ટીમેટમ આપ્યું છે કે, તમારા કામને કારણે સરકાર પર કોઈ જ પ્રકારની આંગળી ન ચીંધવું જોઈએ. પહેલી વખત હર્ષ સંઘવીએ પોલીસ વિભાગની બેદરકારીને કારણે આજે પોતાના ગુસ્સા પર કાબુ ગુમાવ્યો હતો. અને અધિકારીઓને સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

ગાંધીનગરમાં હર્ષ સંઘવીએ બધા ઉચ્ચ અધિકારીઓને આજે ખખડાવ્યા હતા. જે બાદ ડીજીપી વિકાસ સહાયે અધિકારીઓને ચેતવણી આપી હતી અને કહ્યું કે, પોલીસ દ્વારા પોતાની ફરજમાં લાલીયાવાડી ચલાવી લેવામાં આવશે નહિ. અને વિભાગમાં રહીને જે કંઈ પણ ખોટા કામ કરવામાં આવે છે તે બધું પણ બંધ કરી દેજો. બાકી બધાને સસ્પેન્ડ કરી દેવામાં આવશે.

# ચોટીલા-રાજકોટ હાઈવે પર પિકઅપ વાન-ટ્રક વચ્ચે અકસ્માતઃ ૪ સગી દેરાણી-જેઠાણીનાં મોત

## પિતૃકાર્ય માટે સોમનાથ જતા હતા ત્યારે આપાગીગાનાં ઓટલા પાસે સર્જાયો ગમખ્વાર અકસ્માત

**મુખ્ય સમાચાર, વઢવાણ**

સુરેન્દ્રનગર જિલ્લાનો અમદાવાદ રાજકોટ નેશનલ હાઈવે અકસ્માતનું હબ બની ગયું હોય તેવું લાગી રહ્યું છે કારણ કે અમદાવાદ રાજકોટ નેશનલ હાઈવે ઉપર રોજબરોજ નાના મોટા અકસ્માતો સર્જાયા કરતા હોય છે અને લોકોના જીવ પણ જતા હોય છે ત્યારે ગત મોડી રાત્રે ચોટીલા આપાગીગાના ઓટલા નજીક બોલેરો પીકપ કાર અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો છે અકસ્માતમાં જ ચાર લોકોના મોત નીપજવા પામ્યા છે ૧૮ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે આ અંગેની જાણ થતા ચોટીલા પોલીસ તાત્કાલિક ત્યાં દોડી ગઈ છે..

મળતી વિગત અનુસાર સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા આપાગીગાના ઓટલા નજીક સવારે અકસ્માત સર્જાયો છે બોલેરો પીકપ કાર અને ટ્રક સામસામે અથડાયા છે જેમાં લીંબડીના શિયાણી ગામના રેથરીયા કોળી પરિવારના ચાર સગા દેરાણી જેઠાણી ના ઘટના સ્થળે મોત નીપજવા પામ્યા છે અને ૧૮ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે હાઈવે પર મોતની કિકિયારીઓ સંભળાવા લાગી હતી. ગંભીર પ્રકારનો અકસ્માત સર્જાયો છે જેને લઈને હાલમાં પરિવાર પણ શોક મગ્ન બની જવા પામ્યો છે.. પિતૃકાર્ય માટે સોમનાથ જતા હતા તે દરમિયાન આ અકસ્માત નડવા પામ્યો છે જેમાં મગજીબેન ગોબરભાઈ રેથરીયા દલાલબેન રેથરીયા મંજુબેન રેથરીયા અને ગૌરીબેન બેન રેથરીયા નું મોત નીપજવા પામ્યું છે આ અંગે ચોટીલા પોલીસ તાત્કાલિક દોડી જાય મૃતકો ની ડેડબોડીને પીએમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે અને હાઈવે ઉપર જે અકસ્માત સર્જાયેલા વાહનો છે તે હટાવવાની કામગીરી પણ ચોટીલા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે ત્યારે આ અકસ્માતમાં ૧૮થી વધુ લોકોને ઈજાઓ પહોંચી છે તેમને સુરેન્દ્રનગર અને રાજકોટની સરકારી હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.આ અંગે રાત્રિ દરમિયાન સર્જાયેલા અકસ્માતને લઈ તાત્કાલિક તપાસના આદેશો પણ આપી દેવામાં આવ્યા છે ત્યારે એક જ પરિવારના ચાર લોકોને મોત થતાં અને ૧૮ લોકો ને ગંભીર ઈજાઓ પહોંચતા શિયાણી ગામ પણ શોક મગ્ન બની જવા પામ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં રોડ સેફ્ટીના કાર્યક્રમમાં માત્ર કાગળ ઉપર કરવામાં આવતા હોવાનું બહાર આવ્યું છે વાહન ચાલકોને વાહન ચલાવતી વખતે રાખવામાં આવતી સાવચેતી અને સેફ્ટી અંગેની માહિતીઓ પૂરી પાડવામાં આવતી હોય છે. પરંતુ આ એક મહિના સુધી આવા કાર્યક્રમો કર્યા પછી પણ તેમાં કોઈ પણ પ્રકારનો સુધારો છે અને વાહન અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થાય તે પ્રકારના પગલાઓ હજુ સુધી ભરવામાં આવી રહ્યા નથી એટલે જાણે આ કાગળ ઉપર રહી જતા હોય તેવું લાગી રહ્યું છે નાના ઉંમરના લોકો પણ હવે વાહન ચલાવવા લાગ્યા છે.

### ઈજાગ્રસ્તોના નામ

- મનજીભાઈ સગુભાઈ રેથરીયા (ઉંવ ૬૮ રે. શિયાણી)
- ગોબરભાઈ લક્ષ્મણભાઈ રેથરીયા (ઉંવ ૭૦ રે. શિયાણી)
- મઘજીબેન ગોબરભાઈ રેથરીયા (ઉંવ ૭૦ રે. શિયાણી)
- ચિકાભાઈ શંકરભાઈ રેથરિયા (ઉંવ ૬૦ રે. દેવળીયા તા. લખતર)
- કરમશીભાઈ દેવાભાઈ જતાપરા (ઉંવ ૬૦ રે. જાપોદર તા. વઢવાણ)
- રાહુલભાઈ ખોડાભાઈ રેથરીયા (ઉંવ ૨૪ રે. શિયાણી)
- બટુકભાઈ ગંગારામભાઈ જમોદરા (ઉંવ ૬૫ રે. શિયાણી)
- ગણપતભાઈ કાળુભાઈ રેથરિયા (ઉંવ ૪૬ રે. શિયાણી)
- ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ રેથરીયા (ઉંવ ૬૦ રે. શિયાણી)
- રમેશભાઈ ઘનશ્યામભાઈ રેથરિયા (ઉંવ ૩૨ રે. શિયાણી)
- ભરતભાઈ ગોબરભાઈ રેથરીયા (ઉંવ ૫૦ રે. શિયાણી)
- ગીતાબેન દશરથભાઈ રેથરિયા (ઉંવ ૪૫ રે. શિયાણી)
- દશરથભાઈ ગોબરભાઈ રેથરિયા (ઉંવ ૪૬ રે. શિયાણી)
- માવજીભાઈ કાળુભાઈ રેથરિયા (ઉંવ ૫૪ રે. શિયાણી)
- રંજનબેન ખોડાભાઈ રેથરિયા (ઉંવ ૩૭ રે. શિયાણી)
- વિશાલભાઈ રાજુભાઈ કાણોતર (ઉંવ રે. કુડલા તા.ચુડા)



# રશિયાની સીમા પાસે અમેરિકી બોમ્બર - વિમાનોની ઉડાન

## ત્રીજા વિશ્વ યુદ્ધની તૈયારી! પુટીનને અમેરિકા સહિતના નાટો રાષ્ટ્રોનો સીધો સંદેશ

**મુખ્ય સમાચાર, લંડન**

યુક્રેન યુદ્ધ મુદ્દે અમેરિકા અને રશીયા વચ્ચે વધતા જતા તનાવમાં રશીયાએ તેના તાકાતનાં પ્રદર્શન સમાન હાયપર સોનિક મિસાઈલથી યુક્રેન પર પ્રહાર કરીને અમેરિકા સહિતના દેશોને યુક્રેન યુદ્ધમાં સીધા નહિં ઝંપલાવવા આપેલી ચેતવણી બાદ હવે અમેરિકાથી અત્યંત આધુનિક બી-૫૨ બોમ્બર વિમાનોએ છેક રશીયન હવાઈ સીમા સુધી ઉડાન ભરીને ચેતવણી આપી છે.યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ એ પ્રથમ વખત બન્યુ છે કે અમેરિકી હવાઈ દળની આ બોમ્બ વિમાનોની ટુકડીઓ જે યુરોપમાં નાટોની સેનાના ભાગ હવે તૈનાત છે તેના ઘણા આ પ્રકારે ઉડાન ભરવામાં આવી છે. અમેરિકી હવાઈ દળનાં બી-૫૨ સ્ટ્રેટોફોર્ટ્રેસ બોમ્બર એ રશીયાની હવાઈ સીમા પાસે જ એક મીશન પાર પાડ્યુ હોવાનું જાહેર કર્યુ છે. હાલમાં જ નાટોનાં વડાએ એક ચેતવણીમાં રશીયા સાથે પૂર્ણ યુદ્ધની તૈયારીઓમાં રહેલા તેના દળોને આદેશ આપ્યો હતો. તો ઉત્તર કોરીયાએ પણ રશીયાને ટેકો આપવા તેના હજારો સૈનિકોને રશીયા મોકલ્યા બાદ યુક્રેન પણ સાવધ થઈ ગયુ છે. તેણે પણ લાંબા અંતરના મિસાઈલ તૈનાત કર્યા હવે યુક્રેન-રશીયા યુદ્ધમાં જે રીતે નાટો સૈન્ય યુક્રેનને મદદ કરી રહ્યું છે અને ઈરાન-ઉત્તર કોરીયા ઉપરાંત ચીન સહીતનાં રાષ્ટ્રો રશીયાની મદદે છે તેથી યુદ્ધ હવે યુક્રેન-રશીયાની સીમામાંથી બહાર નીકળીને યુરોપમાં ફેલાવાનો ડર વધી રહ્યો છે.

અમેરીકી વિમાનો બ્રિટનના રોયલ એરફોર્સનાં વિમાની મથકેથી ઉડયા હતા અને બાલ્ટીક સમુદ્રી ઉપર ઉડાન કર્યા બાદ તે ઉત્તર પૂર્વ ભણી આગળ વધ્યા હતા અને છેક રશીયાનાં કિલીનીગ્રાહ્ય સુધી પહોંચી ગયા હતા.

બી-૫૨ બોમ્બ વિમાન ઉડાનને એક આકરા સંદેશા તરીકે ગણવામાં આવે છે. જેમાં અમેરીકા સહીતનાં નાટો દેશોને દેખાડવા માંગે છે કે તે રશીયા સામે યુદ્ધ લડવા તૈયાર છે અને કોઈપણ ઉશ્કેરણીનો આક્રમક રીતે જવાબ અપાશે.આ બી-૫૨ બોમ્બર વિમાન અનેક પ્રકારના ઘાતક વિમાનો લઈ જવાની ક્ષમતા ધરાવે છે રશીયાનું



કિલીનીનગ્રાહ એ રશીયાનુ એક સૌથી મોટુ લશ્કરી મથક ગણવામાં આવે છે અને તેની સિમા પોલેન્ડ અને સિધુસાનીયાને અડે છે અને એક તરફ બાલીક સમુદ્ર છે અને તેની નજીક ઉડાન ભરવાનો મતલબ એ છે કે નાટો કોઈપણ સમયે રશીયાનો મુકાબલો કરવા તૈયાર છે. હાલમાં જ નાટોએ યુરોપમાં તમામ વ્યાપારી એકમોને યુદ્ધની માનસીકતામાં આવી જવા, રશીયા ચીનની આક્રમક નીતીથી જે ક્મજોરી યુરોપમાં દેખાય છે તે દુર કરવા અને ઉત્પાદન-સપ્લાયચેનને મજબુત બનાવવા જણાય છે.

# ખાદ્યચીજોની મોંઘવારીમાં રાહત મળવાનો આશાવાદ

## કેન્દ્રીય નાણાં મંત્રાલયના ઓકટોબરના રીપોર્ટમાં આર્થિક ચિત્ર સારૂ હોવાનો દાવો

**મુખ્ય સમાચાર નવી દિલ્હી**

દેશમાં ચાલુ વર્ષે સારો અને સંતોષકારક વરસાદ થવા સાથે ખરીફ પાકનું મબલખ ઉત્પાદન હોવાથી આવતા મહિનાઓમાં ખાદ્યચીજોની મોંઘવારીમાં રાહત મળવાનો આશાવાદ કેન્દ્ર સરકારે દર્શાવ્યો છે.

કેન્દ્રીય નાણા મંત્રાલયનાં ઓકટોબર મહિનાના આર્થિક રિપોર્ટમાં એમ કહેવાયું છે કે, બમ્પર ખરીફ પાક વચ્ચે ખાદ્ય ફુગાવો નીચો આવી શકે છે. મોંઘવારી ઘટવાનું ચિત્ર ઉજળુ છે. સારો વરસાદ છતાં અત્યાર સુધી ફુગાવો ઉંચો જ છે. ખાદ્યચીજોનાં ભાવો નીચા આવતા નથી એટલે લોકોમાં નારાજગી છે.ઓકટોબરનો ગ્રાહક ભાવાંક ૬.૨ ટકાએ રહ્યાનું ઉલ્લેખનીય છે.




રીપોર્ટમાં એમ કહેવાયું છે કે નવેમ્બર મહિનાથી ખાદ્યચીજોનાં ભાવો નીચા આવવા શરૂ થયા છે. જોકે વિવિધ દેશો વચ્ચે યુદ્ધ તથા ભૌગોલીક ટેન્શનને કારણે સપ્લાય ચેઈન પ્રભાવીત થઈ શકવાની તથા ભાવ મોરચે અસર થવાની શંકા વ્યકત કરવામાં આવી છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા વ્યાજદરમાં ઘટાડો કરે તેવો સરકારનો આગ્રહ છે. પરંતુ કેન્દ્રીય બેંન્ક ફૂગાવો સંપૂર્ણ કાબુમાં ન આવે ત્યાં સુધી વ્યાજ ઘટાડવાનાં મૂડમાં મળી ગત સપ્તાહમાં નાણાંપ્રધાન નિર્મલા સીતારામને પણ વ્યાજદર વ્યાજબી સ્તરે રાખવા બેંકોને સુચવ્યુ હતું. આ પૂર્વે વ્યાપાર પ્રધાન પિયુષ ગોયલ પણ અર્થતંત્રને વેગ આપવા માટે વ્યાજદર ઘટાડવાનું સુચવ્યુ હતું.

# પૂર્વ કોર્પોરેટર અને સરદારધામના ઉપપ્રમુખ પર જૂનાગઢના પી.આઈ.નો હુમલો

## કણકોટ–મવડી રોડ પર આવેલ શ્યામ પાર્ટી પ્લોટમાં બન્યો બનાવ: સરદાર ધામમાં શા માટે ઉપપ્રમુખ બન્યો, તું ગદાર છો કહી ઝઘડો કરી ઢોર માર માર્યો: ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રહેતા પૂર્વક કોર્પોરેટર અને સરદાર ધામના ઉપપ્રમુખ એવા જયંતિ સરધારા પર જૂનાગઢમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર હિચકારો હુમલો કરતા તેઓને લોહી લુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર માટે ગીરીરાજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતા જ પટેલ આગેવાનોના ટોળા હોસ્પિટલને ઉમટી પડ્યા હતા. જયંતિ સરધારાએ હુમલા મામલે કહ્યું હતું કે પોતે સરદાર ધામમાં ઉપપ્રમુખ બન્યા તે મુદ્દે ઝગડો કરી પી.આઈ દ્વારા માર મારવામાં આવ્યો હતો.

બનાવ અંગેની મળતી માહિતી મુજબ રાજકોટમાં કોઠારીયા રોડ રામ પાર્ક શેરી નંબર ૧ રહેતા અને જુના વોર્ડ નંબર ૨૩ માં પૂર્વ કોર્પોરેટર તેમજ હાલમાં સરદાર ધામના જયંતીભાઈ સરધારા (૫૭) એ અક્ષેપો કરતા તેમજ વિગત આપતા જણાવ્યું હતું કે, પોતે કણકોટ–મવડી રોડ પર આવેલ શ્યામ પાર્ટી પ્લોટમાં પરિચિત ના લગ્ન પ્રસંગમાં ગયા હતા તે સમયે તેમની પાસે જૂનાગઢમાં હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતો સંજય પાદરીયા નામનો પોલીસ ઈન્સ્પેકટર આવ્યો હતો.અને કહ્યું હતું કે,તું શા માટે સરદાર ધામમાં ઉપપ્રમુખ બન્યો તુ ગદ્દાર છે, તેમ કહીને બોલાચાલી કરી હતી. અને જો બહાર નીકળો તો મારી નાખીશ તેવી ધમકી આપીને જતો રહ્યો હતો.

થોડીવાર બાદ જયંતીભાઈ પાર્ટી પ્લોટ ની બહાર નીકળતા પાર્કિંગમાં જ પીઆઈ સંજય પાદરીયા કારમાં ઉભો હતો અને જયંતીભાઈ પાસે આવીને ઝગડો કરવા માંડ્યો હતો તેમ જ ઉપપ્રમુખ પદ રાજીનામું આપી દેવાની ધમકી આપી રહ્યો હતો.

અને પોતાના પાસે રહેલી રિવોલ્વર કાઢીને જયંતીભાઈ મોઢા પર મારી દીધી હતી. જેથી તેઓ બેભાન થઈને ઢળી પડતા સંજય પાદરીયા એ તેમને ઢીકા પાટુનો માર માર્યો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો દોરી આવતા સંજય પાદરિયાને





પકડી રાખ્યો હતો અને અન્ય યુવકો દ્વારા જયંતીભાઈને સારવાર હેઠળ ગીરીરાજ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. બનાવની જાણ થતા જ તાલુકા પોલીસ નો સ્ટાફ હોસ્પિટલે દોડી આવ્યો હતો અને જયંતીભાઈ ની ફરિયાદ પરથી ગુનો નોંધવા કાર્યવાહી કરી હતી. તો બીજી બાજુ આ ઘટનાની જાણ થતા જ પટેલ આગેવાનોનું ટોળું હોસ્પિટલે દોડી આવ્યું હતું અને આરોપીને પકડી કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# મોરબીના મમુદાઢી હત્યા કેસના ત્રણ ફરાર આરોપીઓએ ગુજસીટોકની કોર્ટમાં સરેન્ડર કર્યું

■ મમુદાઢી હત્યા કેસના મુખ્ય સૂત્રધાર આરીફ મીર સહિત ત્રણ આરોપીઓને જેલ હવાલે કરાયા



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ચકચારી મમુદાઢી હત્યા કેસમાં ફરાર રહેલા મુખ્ય આરોપી આરીફ મીર અને તેની ગેંગના બે સાગરિતોએ રાજકોટની ગુજસીટોક કોર્ટમાં પોતાનું આત્મસમર્પણ કર્યું હતું. કોર્ટ દ્વારા આ ત્રણેયને જેલ હવાલે કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

મોરબીમાં વર્ષ ૨૦૨૧માં શનાળા બાયપાસ નજીક મમુદાઢીની હત્યા કરવામાં આવી હતી, જેના સંદર્ભમાં આરીફ મીર સહિત ૧૮ શખ્સો સામે ગુજસીટોક હેઠળ કેસ નોંધાયો હતો. તેમાંથી ૧૫ આરોપીની ધરપકડ થઈ હતી, પણ મુખ્ય સૂત્રધાર આરીફ મીર અને અન્ય બે આરોપી મકસુદભાઈ ગફુરભાઈ સમા અને કાદર ઉર્ફે બચ્ચન ગનીભાઈ મતવા આ ગુનામાં નાસતા ફરતા હતા.

ગુજસીટોકની કોર્ટમાં સરેન્ડર કરનાર ત્રણેય સામે અગાઉ મોરબી પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં આરોપીઓની સંપત્તિ જપ્ત કરવાની દરખાસ્ત મંજૂર થતા ગત એપ્રિલમાં મોરબી જીલ્લા પોલીસે આરોપીઓની ૧૬ જેટલી મિલકતો સીલ કરી હતી. હાલ ચકચારી મમુદાઢી હત્યાના મુખ્ય સૂત્રધાર સહિતના આરોપીઓએ ગઈકાલ સોમવાર ૨૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ રાજકોટની વિશેષ ગુજસીટોક કોર્ટમાં આત્મસમર્પણ કર્યુ હતું, ત્યારબાદ કોર્ટના આદેશ પર ત્રણેયને જેલ હવાલે કરવામાં આવ્યા છે.

# રાજકોટમાં જુની કોર્ટ પાસે સરાજાહેર મારમારીના ફિલ્મી દશ્યો



હાલના સમયમાં રાતો રાત ચુવાનોમાં જાણે બનવાની જામી હોય તેમ સરાજાહેર મારામારી અને હથીયારો લઈ ફિલ્મી ડાયલોગ મારતા વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થઈ રહયા છે. તેમા પણ વાહન સીધી રીતે ચલાવવા જેવી બાબતે બે યુવાનો ફિલ્મી સ્ટાઈલથી બાખડી પડયા ખાસ કરીને રાજકોટ શહેરમાં ઘણી જગ્યાએ જાહેરમાં ટપોરીઓ દ્વારા વાહનો પર સ્ટંટ કરતા અને છરા જેવા મોટા હથીયારો વડે કેક કાપતા હોવાના વિડીયો અનેકવાર વાઈરલ થયા છે. ત્યારે રાજકોટમાં આવેલી જુની કોર્ટ પાસે ચોકમાં વાહન સીધી રીતે ચલાવવા જેવી બાબતે બે યુવાનો સરાજાહેર ફિલ્મી સ્ટાઈલથી બાખડી હતા અને બંને એકબીજાને ઘુસ્તાપાટુ મારી રહ્યા હતા. આ ઘટનાથી લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને બંનેને સમજાવીને માંડમાંડ છુટા પાડયા હતા. આ મામલે સમગ્ર ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા પોલીસે બંનેની શોધખોળ આદરી અને જાહેરમાં બખેડો કરવા અંગેની કલમ હેઠળ કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરી છે.

# જામનગર જિલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ, કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરાઈ



જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ ની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે સમીક્ષા કરી અને જરૂરી સૂચના આપવામાં આવી હતી. આજરોજ જિલ્લા પોલીસવડા કચેરી ખાતે જી પ્રેમસુખ ડેલુના અધ્યક્ષ સ્થાને ક્રાઈમફેસ યોજાઈ હતી. જેમાં શહેર અને જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે બાબતે સૂચના આપવામાં આવી ગતી. તેમજ બુટલેગર અસામાજિક પ્રવૃત્તિ કરનાર સામે તેમજ વ્યાજખોરની ઝુંબેશ સામે કડક કાર્યવાહી કરવી અને શહેરમાં બુટલેગર અને અસામાજિક તત્વોને નિયમિત પણે ચકાસણી કરવી અને આર્મ્સ એક્ટ ના આરોપીઓને ચેક કરવા તેમજ પેન્ડિંગ જૂના કેસો હોય તેમાં આરોપીને ઝડપથી પકડી પાડી કાર્યવાહી કરવા પણ ક્રાઈમ કોન્ફરન્સમાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ દ્વારા કડક સૂચના આપવામાં આવી હતી. આ ક્રાઈમ કોન્ફરન્સમાં શહેર ઉઢજી જયવીરસિંહ ઝાલા ,ગ્રામ્ય ઉઢજી રાજેન્દ્ર દેવધા,કઈઇ પીઆઈ લગારિયા,જ્યત્રક્ષ પીઆઇ બી.એન ચૌધરી તેમજ શહેરના સીટી અ,ઈ,ઈ પોલીસ સ્ટેશનના પીઆઇ અને ગ્રામ્ય પોલીસ મથકના પંચકોષી અ,ઈ તથા લાલપુર, ધ્રોલ ,જોડીયા, જામજોધપુર, મેઘપર ,સિક્કા સહિતના પીઆઇ અને કઈઇ ડ્જઈ પી.એન મોરી અને પીએસઆઇ સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો. તેમાં તમામ અધિકારીઓને એસપી પ્રેમસુખ ડેલૂ દ્વારા શહેર અને જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે સમીક્ષા કરી જરૂરી સુચના આપવામાં આવી હતી અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા અને લોકોની શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે કડક કાર્યવાહી કરવા પણ તમામ અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

# મોરબીના પીએસઆઈ અરુણ મિશ્રાએ માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરુ પાડી દાખલારૂપી કામગીરી કરી



મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ અરુણ મિશ્રાએ માનવતા દર્શાવી ખુલ્લામાં રહેતા ગરીબ લોકો માટે ગરમ બ્લેન્કેટની વ્યવસ્થા કરી હતી. મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ અરુણ મિશ્રાએ તાજેતરમાં માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું, હાલના ઠંડીના માહોલમાં અનેક લોકો ખુલ્લામાં સુવા મજબૂર છે. આવા લોકોને જોઈને પીએસઆઈ અરુણ મિશ્રાએ રાત્રીના સમયે મોરબી શહેરના માર્ગો પર ફરીને તેવા લોકો સુધી પોતાની રીતે ગરમ બ્લેન્કેટ પહોંચાડ્યા, જે ખુલ્લામાં ઠંડીમાં સુઈ રહ્યા હતા. આ પ્રેરણાદાયી કાર્યને મોરબીના સ્થાનિકો અને વિવિધ સમુદાયના લોકોએ આવકાર્યું હતું.

# દેશી હાથ બનાવટના તમંચા સાથે એક યુવકને દબોચી લેતી મોરબી ક્રાઈમ બ્રાંચ



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે માળીયા(મી)ના વાગડીયા ઝાપા પાસે કન્ટેનર યાર્ડ જવાના રસ્તેથી એક ઈસમને દેશી હાથ બનાવટના તમંચા સાથે પકડી લઈને તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડને સંયુક્તમાં મળેલ ખાનગી હકિકત આધારે માળીયા(મી) વાગડીયા ઝાપા નજીક કન્ટેનર યાર્ડ જવાના રસ્તે આવેલ ઈંટુના ભઠ્ઠાની બાજુમાં બંધ ચાની કેબીન પાસેથી આરોપી જાકીરહુશેન ઉર્ફે જાકલો અકબરભાઈ માલાણી રહે. માળીયા (મી) માલાણી શેરીવાળા પાસેથી ગેરકાયદેસર હાથ બનાવટનો તમંચો નંગ-૦૧ મળી આવ્યો હતો. જેથી પકડાયેલ આરોપી વિરુધ્ધ માળીયા(મી)પોલીસ મથકમાં હથીયારાધારા હેઠળ ગુનો નોંધાવવા અંગેની તજવીજ હાથ ધરેલ છે.

# ગુડ ટચ બેડ ટચ અંગે સમજ આપતો કાર્યકમ યોજાયો



જામનગર જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ – ડીસ્ટ્રિક હબ એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના જેન્ડર સ્પેશ્યાલિસ્ટ પુજા દ્વારા જિલ્લા બાળ સુરક્ષા એકમ તેમજ બંસીધર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી સાથે સંકલન કરી ઢીચડા ગામના બંસીધર વિદ્યાલય ખાતે બેટી બચાવો બેટી પઢાવો યોજનાના ભાગરૂપે સ્કૂલમાં સેફ્ટી સેશન અંતર્ગત કાર્યક્રમ કરવામાં આવેલ. આ કાર્યક્રમમા બાળ સુરક્ષા એકમના પ્રોટેક્શન ઓફિસર વૈશાલીબેન, નશા મુક્તિ અભિયાનના સમાજ કાર્યકર કાજલ બેન, ટ્રસ્ટી ગોપાલ ભાઈ, શાળાના આચાર્ય રામ ભાઈ, પ્રોગ્રામ કોર્ડીનેટર દીપકભાઈ બાવારિયા ઉપસ્થીત રહેલ. જેમાં ઉઇઊઠ ના જેન્ડર સ્પેશ્યાલિસ્ટ પુજા પરમાર દ્વારા સોશ્યલ મીડિયાનો સાવચેતી પૂર્વક ઉપયોગ કરવા વિશે, ગૂડ ટચ બેડ ટચ અંગે ડેમો આપી માહિતી આપવામાં આવી હતી તેમજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા મુશ્કેલીના સમયમાં ૧૮૧ એપ્લીકેશનનો ઉપયોગ કરી કેવી રીતે મદદ મેળવવી તે જણાવવામાં આવેલ.

# ઉનામાં બીજેપી દ્વારા નંબર-૧ થી ૯ માં આવતા ૪૫ બૂથમાં બુથ સંરચનાની ઓનલાઈન કામગીરી પૂર્ણ કરાતા કાર્યક્રમ યોજાયો




**અહેવાલ :- (અબ્દુલ પઠાણ ઉના )**

ઉનામા સંગઠન પર્વ – ૨૦૨૪ કાર્યક્રમ અંતર્ગત ઉના ધારાસભ્ય* ના કાર્યાલય ખાતે ઉના શહેરના વોર્ડ નંબર–૧ થી ૯ માં આવતા ૪૫ બૂથમાં બુથ સંરચનાની ઓનલાઈન કામગીરી પૂર્ણ કરવામા આવી તેમજ ઓફલાઈન કામગીરી પુર્ણ કરી અને જીલ્લા ભાજપ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પીઠીયાને આપવામાં આવી હતી. તેમજ શહેરમા તમામ નવા નિમાયેલા બુથ પ્રમુખશ્રીઓને ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરાવી મો મીઠા કરાવી ઢોલ નગારના તાલે ફટાકડા ફોડી અને ફુલહારથી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ઉનાના કાર્યશીલ ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ,* જીલ્લા ભાજપ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પીઠીયા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખશ્રી રાજુભાઈ ડાભી, ઉના શહેર સંગઠન પર્વના સહયોગી અરવિંદભાઈ રાણીંગા, નગરપાલિકા ના પ્રમુખશ્રી પરેશભાઈ બાંભણીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી મિતેશભાઈ શાહ, તેમજ નગરપાલિકાના સદસ્યશ્રી ઓ સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકા નજીક અજાણ્યા શખ્સો દ્વારા ૨૪ કુંજ-કરકરાનો શીકાર

**મુખ્ય સમાચાર,દ્વારકા**

દ્વારકા વિસ્તારમાં શિયાળાની ઋતુમાં આવે છે. જેથી દ્વારકા વિસ્તારે આ પક્ષીઓના ફેબીટેટ તરીકે વિશ્વ સ્તરે માન સન્માન મેળવ્યું છે. આ વચ્ચે પક્ષીઓને સાચવવાએ દ્વારકાવાસીઓની સામાજીક તથા નૈતિક જવાબદારી બને છે. દ્વારકા વિસ્તારના લોકોએ પણ કુંજ પક્ષી અને અન્ય પક્ષીઓના સમર્થન અને રક્ષણ માટે અમૂલ્ય ફાળો આપવો જરૂરી બન્યો છે.તેમ છતાં અમુક વખત અસામાજિક તત્વો દ્વારા આ વિદેશી પક્ષીઓને જાળમાં ફસાવવામાં આવે છે અને શિકાર કરવામાં આવે છે. ત્યારે આ પ્રકારની પ્રવૃતિ ક્યાંય જોવા મળે અથવા દ્વારકા તાલુકા વિસ્તારમાં ક્યાંય પણ બીમાર વસંતકુંજ કે અન્ય વન્ય પ્રાણી પક્ષી જોવા મળે તો દ્વારકા રેન્જ ફોરેસ્ટ ઓફિસના અધિકારીઓને જાણ કરવા માટે અને જન જાગૃતિના અર્થે અધિકારીઓએ પત્રિકાઓ છપાવીને સોશિયલ મીડિયા તેમજ દ્વારકા તાલુકામાં જાગૃતિ અભિયાન પણ ચલાવે છે.તેમ છતાં પણ દ્વારકા વન વિભાગના સ્ટાફ શિયાળા દરમિયાન આવતા યાયાવર પક્ષીઓના રક્ષણ સહિતની કામગીરી કરતા હોય, તે દરમિયાન ચરકલા, મુળવેલ નાગેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગની કામગીરી દરમિયાન દ્વારકા નજીકના નાગેશ્વરના ભીમગજા તળાવની પાછળ મુળવેલ ચાર રસ્તા બાજુ જતા રસ્તામાં કોઈ અજાણ્યા શખ્સો દ્વારા વન્યજીવ ડોમેસાઈલ ક્રેન (કુંજ–કરકરા)નો શીકાર કરવામાં આવી રહ્યો હોવાની માહિતી મળી હતી. પેટ્રોલીંગ સ્ટાફ પહોંચે તે પહેલા પકડાઈ જવાના ડરથી શિકારીઓ તેમના માલવાહક રીક્ષા (છકડા) રસ્તા પર છોડી અંધારાનો લાભ લઈ, નાસી છૂટ્યા હતા.આ કામગીરીમાં માલવાહક રીક્ષા (છકડા) માંથી ચોવીસ નંગ મૃત વન્યજીવ ડોમેસાઈલ ક્રેન (કુંજ–કરકરા) ના મૃતદેહ મળી આવ્યા હતા. નાસી છૂટેલા



અજાણ્યા શખ્સો વિરુધ્ધ તાલુકા વાઈલ્ડ લાઈફ વોર્ડન અને રેન્જ ફોરેસ્ટ ઓફીસર એન.પી. બેલાની આગેવાની હેઠળ વન વિભાગના એચ.એમ. પરમાર, કે.એન. ભરવાડ, પી.વી. બેડીયાવદરા, યુ.પી. સાદીયા, એસ.જી. કણજારીયા, વિનોદભાઈ ડાભી, માયાભાઈ માતંગ દ્વારા જરૂરી કાર્યવાહી કરી અને છકડો રીક્ષાને કબ્જે કરી, અજાણ્યા શખ્સોને ઝડપી પાડવા કામગીરી હાથ ધરવામાં આવી છે. રેન્જ ફોરેસ્ટ ઓફિસર કચેરી મરીન નેશનલ પાર્ક દ્વારકા દ્વારા અનેક વખત ભૂતકાળમાં કુંજ પક્ષીઓ સહિતના અનેક વિદેશી પક્ષીઓનો શિકાર કરતા ઈસમોને ઝડપી પાડી અને અનેક વખત જાહેરમાં સૂચનાઓ પણ આપી છે. અહીં કુંજ પક્ષીને પકડવા, મારવા, જાળમાં ફસાવવા, અથવા તેવો પ્રયત્ન કરવો તેમજ તેના માંસ નું વેચાણ કરવું કે ખરીદી કરવી એ વન્ય પ્રાણી સરક્ષણ અધિનિયમ મુજબ ગુનો બને છે.

# મોરબીના માણેકવાડા ગામની સીમમાંથી ગેરકાયદેસર જામગરી બંદુક સાથે ઈસમ ઝડપાયો

■ એસઓજી ટીમે હાથ બનાવટની બંદુક સાથે શોહિલ સુમરાને ઝડપી પાડ્યો




**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એસઓજી પોલીસ ટીમે માણેકવાડા ગામની સીમમાંથી ગેરકાયદેસર હથિયાર સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. પોલીસે પકડાયેલ આરોપી પાસેથી હાથ બનાવટની જામગરી બંદુક અને મોબાઈલ સહિત કુલ કિ.રૂ. ૫ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ એસઓજી ટીમે ગેરકાયદેસર હથિયાર રાખતા ઈસમો સામે ઝુંબેશ ચલાવી હતી જે અંતર્ગત કાર્યરત હતા તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળેલ કે મોરબી તાલુકાના માણેકવાડા ગામના ઢોરાવાળા રોડ પર તળાવ પાસે એક ઈસમ ગેરકાયદેસર બંદુક સાથે આંટાફેરા કરતો જોવામાં આવ્યો હોય જેથી એસઓજી ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી જામગરી બંદુક તથા મોબાઈલ સહિતના મુદ્દામાલ સાથે આરોપી શોહિલ ઉર્ફે બાડો સુલતાનભાઈ સુમરા ઉવ.૨૩ રહે.મોરબી વીસીપરા વિસ્તાર વિજયનગરવાળાની અટક કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે મોરબી તાલુકા પોલીસ મથકમાં સોંપી આપેલ છે.

# જે આચાર, વિચાર અને ઉચ્ચારથી યુવાન છે તે જ સાચો યુવાનઃપૂ.મોરારીબાપુ








(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

માનસ સદભાવનાથ વૈશ્વિક રામકથાના તૃતીય દિવસે પૂ. મોરારિબાપુએ લોકોને પરિવારદીઠ પાંચ વૃક્ષો વાવીને પંચગ્રહની સ્થાપના કરવા અને તમારા આંગણે જ પંચવટીનું નિર્માણ કરો એવી અપીલ કરી હતી. તેમણે વૃક્ષો, નદી સહિતના પ્રકૃતિના તમામ તત્વો બોલે છે, આપણી સાથે વાત કરે છે પણ આપણે એ સાંભળી શકતા નથી. પૂ. બાપુએ એમ પણ કહ્યું કે વૃક્ષો વાવવાનો અને ઉછેરવાનો હવે અવસર આવ્યો છે કારણ કે, ઈતિહાસે કરવટ બદલી છે. ભારત મને હરિયાળું દેખાવા લાગ્યું છે. એવું પણ પૂ. બાપુએ કહ્યું. પૂ. મોરારિબાપુએ કથા પ્રારંભે જ વૃક્ષોના મહત્વને ભાવથી સમજાવ્યું. તેમણે કહ્યું કે દરેક પરિવાર ગણેશ, શંકર, વિષ્ણુ. સુર્ય અને દુર્ગાના નામે એક એક વૃક્ષ એટલે કે પાંચ વૃક્ષ વાવે. આમ કરવાથી તમારે ત્યાં પંચદેવની સ્થાપના થઈ જશે અને પંચવટીનું નિર્માણ થઈ જશે. પૂ. મોરારિબાપુએ ગુરુના નામે પણ વૃક્ષ વાવવા અપીલ કરી.

તેમણે નરસિંહ મહેતાના પવૈષ્ણવ જન તો તેને કહીએથ પદ ગાઈને આ નરસિંહની ગિરનારી ગીતા છે એવું કહ્યું. આ કથાને વૃદ્ધો અને વૃક્ષોના સદભાવની કથા ગણાવી. તેમણે એમ પણ કહ્યું કે પ્રકૃતિના તત્વોની જેમ ગ્રંથો પણ મનુષ્ય સાથે વાત કરે છે. શાસ્ત્રોમાં વૃક્ષોનો મહિમા ખૂબ છે. કૃષ્ણના વિરહમાં વૃક્ષો રોતા હતા તો કાલિદાની શકુંતલા વૃક્ષો સાથે વાતો કરતી હતી. વૃદ્ધ પોતે વૃક્ષ છે અને વૃક્ષ પોતે વૃદ્ધ છે એવું પૂ. મોરારિબાપુએ કહ્યું. તેમણે એમ પણ જણાવ્યું કે વડલાના ફળને તોડીએ તો ઝીણા ઝીણા બીજ તેમાંથી નીકળે. એ બીજને તોડીએ તો એમાંથી કઈ નજરે ન પડે જે ન દેખાય તે પરમાત્મા છે. પૂ. મોરારિબાપુએ સાધુના વિવિધ પ્રકારો કહ્યા જેમાં સન્યાસી, સંસારી, સહકારી, સરકારી, સુધારક, સ્વીકારક, સંવાદી, સમન્વય, સંઘર્ષ અને સાધનાશીલ સાધુ તેમણે ગણાવ્યા. કપિલ મુનિએ એવું કહ્યુ કે સહન કરે તે સાધુ, કરુણાથી ભરેલો હોય તે સાધુ. પૂ. મોરારિબાપુએ રામચરિત માનસનો આધાર લઈ ચૌદ પ્રકારના લોકોને જીવતા છતાં મડદા ગણાવ્યા જેમાં કામી, લોભી, મુઢ, વાણી અને નજરનો હલકો, બદનામ, બોજરુપ, આજીવન રોગિષ્ટ, ક્રોધી, ધર્મ વિમુખ, વેદના વિરોધી, સાધુ વિરોધી, સ્વાર્થી, નિંદક, પાપગ્રસ્ત વગેરેનો સમાવેશ થાય છે. પૂ. મોરારિબાપુએ બાળપણમાં સાત્વિક પરીકથા, યુવાનીમાં હરિ કથા અને વૃદ્ધાવસ્થામાં ખરી કથા સાંભળવા ભલામણ કરી. તેમણે કહ્યુ કે હું રામચરિત માનસના સાત સોપાન ગાઉં છું એટલે કે સાતમાં ધોરણ સુધીનું પ્રાઈમરી કક્ષાનું શિક્ષણ આપું છું. તેમણે યુવાનની વ્યાખ્યા કરતાં કહ્યુ કે જે આચાર, વિચાર અને ઉચ્ચારથી યુવાન છે તે જ સાચા યુવાન. તેમણે વિચારક ગુણવંત શાહને ટાંકીને ઝનુન અને જડતા ધર્મના દુશ્મન છે જ્યારે આચાર અને વિચાર ધર્મના મિત્ર છે. પૂ. મોરારિબાપુએ માતા પિતાની સેવા અંગે શીખ આપી કે જ્યારે માતા પિતા હયાત હોય ત્યારે એની સેવા કરવી અને હયાત ન હોય ત્યારે તેમનું સ્મરણ કરવું.

રામકથાને આગળ ધપાવતા પૂ. મોરારિબાપુએ રામકથાના ગાયકના પાંચ મુખનો ઉલ્લેખ કર્યો જેમાં વિચારમુખ, વિવેકમુખ, વિનોદમુખ, વૈરાગ્યમુખ અને વિશ્વાસમુખ હોવાનું જણાવ્યું. શ્રેષ્ઠનો સ્વીકાર કરવો એને જ મોટો ત્યાગ ગણાવ્યો. પૂ. મોરારિબાપુએ ધર્મને બહુ ક્લિષ્ટ કરવાને બદલે સરળ અને સહન એટલે કે માતાના દૂધની જેમ પીવડાવી દેવા અપીલ કરી.

## આજે નેશનલ મિલ્ક ડેઃ૩૬ લાખ પરિવારો માટે પશુ જ પાલક, દૂધાળાં પશુ ૧.૫ કરોડ, ૯૦ કરોડ લિ. દૂધ ઉત્પાદન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે ૨૬ નવેમ્બરે નેશનલ મિલ્ક ડે છે. સૌથી મોટી દૂધ ડેરી અમૂલ આણંદ સ્થિત હોવાથી અને હજારો નહીં બલ્કે લાખો પરિવારોનો ગુજારો પશુપાલન – દૂધના વ્યવસાયથી થતો હોવાથી તેમજ દૂધની ક્રાંતિના બીજ ગુજરાતમાં વવાયેલા હોવાથી તેને શ્વેતક્રાંતિનું જનક માનવામાં આવે છે. ગુજરાતમાં ૩૬ લાખ પરિવારો માટે પશુ જ પાલનહાર, દૂધાળા પશુ ૧.૫ કરોડ, માસિક ૯૦ કરોડ લીટર દૂધનું ઉત્પાદન થાય છે. રાજ્યમાં કોઈએ પશુપાલન થકી પુત્રને ઈઅજ બનાવ્યો તો કોઈકે ડોક્ટર, પતિની ગેરહાજરીમાં મહિલાએ દૂધાળા ઢોરની આવકથી બે સંતાનને વિદેશમાં સ્થાયી કર્યા.વલસાડનો એક પરિવાર એવો છે જેમણે ઘરે એક ગાય બાંધી તેનું દૂધ ડેરીમાં ભરવાનું શરુ કર્યુ. આ નાનકડા પ્રયાસના ફળસ્વરુપે આજે પરિવારનો દીકરો ડોક્ટર બન્યો અને હાલમાં જ તેમણે યુપીએસસીની એક્ઝામ ક્રેક કરી છે. આવા તો લાખો પરિવાર છે જેમનું જીવન બદલાઈ ગયું છે.

બીએસસી સુધી અભ્યાસ કરનાર બોરસદના કાવીઠા ગામના મિત્તલબેનના માતાપિતા કેનેડા રહેતા હોવાથી તેઓ પણ ત્યાં ગયા હતા પરંતુ મન ના લાગતા કાવીઠા પાછા આવ્યા અને ૫ ગાય રાખી તબેલો શરુ કર્યો. આજે તેમની પાસે ૧૭૦ પશુ છે અને ૫૦૦ દૂધાળાનો તબેલો બનાવવાની ખેવના છે. વાર્ષિક દોઢ કરોડનું ટર્નઓવર કરતાં મિત્તલબેને તબેલામાં બીજી એક સુવિધા એ પણ કરી છે કે દરેક પશુના મોંઢા પાસે સેન્સરથી જોડાયેલી કુંડી બનાવી છે તેમાં પાણી ઓછું થઈ જાય એટલે ઓટોમેટિક મોટર ચાલુ થઈ કુંડી ફરી ભરાઈ જાય છે.

વલસાડના મોટાપોંઢા નજીક નાનકડા ઓઝર ગામમાં ગરીબ આદિવાસી પરિવારમાં જન્મેલા આસ્તિક અરવિંદભાઈ થોરાટે એમબીબીએસ પૂર્ણ કર્યા બાદ તાજેતરમાં જ યુપીએસસી ક્રેક કરી છે. આ અંગે આસ્તિકની માતા



કમળાબેન કહ્યું કે, એ જમાનામાં આવકના અન્ય કોઈ સ્રોત હતા નહિ, જેથી ગાયોનું દૂધ ડેરીમાં ભરીને આર્થિક સહાય રહેતી, ગાયના દૂધ થકી જે આર્થિક મદદ મળી એનાથી જ મારા પુત્રનો અભ્યાસ પૂરો થયો. આજે પણ એ ગાયને અમારા પરિવાર એક સભ્ય તરીકે રાખે છે. આણંદના ઓડ ગામના મીનાબેન વસંતભાઈ પટેલનો કિસ્સો પણ પ્રેરણાદાયી છે. ૨૦૦૨માં થયેલી કોમી તોફાનોમાં તેમના પતિ અને જેઠને ૧૦ વર્ષ જેલવાસ થતા પરિવારના નિભાવની જવાબદારી તેમના પર આવી ગઈ. માત્ર ૧૧ પાસ હોવા છતાં દૂધના વ્યવસાયમાં દૈનિક આવક મળતી હોવાથી ઘરકામની સાથે પશુપાલનની જવાબદારી ઉપાડી. ૫ ગાયમાંથી ધીમે ધીમે ૧૦ કરી, આજે ૫૦ થી વધુ ગાય-ભેંસ સાથેનો તબેલો તેઓ બખૂબી ચલાવી રહ્યા છે.

## દિલ્હી ખાતે નાણાપંચની બેઠકમાં મેયર નયનાબેન અને નગરસેવીકા દક્ષાબેન લેશે ભાગઃ નાગરિકોને સારી સુવિધા આપવા સહિતનાં મુદ્દે ચર્ચા કરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારત સરકાર દ્વારા પંચાયતો અને નગરપાલિકાઓના સંસાધનોને પૂરક બનાવવા માટે રાજ્યોના એકીકૃત ભંડોળમાં વધારો કરવા સંબંધિત ૧૬મા નાણાપંચના સંદર્ભની શરતો પર વર્તમાન હિસ્સેદારોના પરામર્શના ભાગરૂપે ૧૬મું નાણાપંચ કાલે ૨૬મી નવેમ્બરના રોજ ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે એક રાષ્ટ્રીય પરિષદ યોજી રહ્યું છે. જેમાં રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા અને વોર્ડ નં.૯ના કોર્પોરેટર દક્ષાબેન વસાણી ઉપસ્થિત રહેશે અને નાગરિકોને સારી સુવિધા આપવા સહિતનાં મુદ્દે ચર્ચા કરાશે.

આ રાષ્ટ્રીય પરિષદમાં તમામ નાગરિકો માટે જીવનની સારી ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે જરૂરી સેવાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહોંચાડવા માટે શહેરમાં ભંડોળના વિવિધ સ્રોતો, ગ્રાન્ટ પર નિર્ભરતા, આવકના પ્રોપર્ટી ટેકસ અને યુઝર્સ ચાર્જીસના સ્રોત મજબૂત કરવાના પ્રયાસો, સ્થળાંતર અને ગામની સીમાઓને શહેરની હદમાં ઉમેરવાની અસર શું છે? અને શહેરોના કાર્યક્ષમ વિકાસ, શહેરી પૂર અને શહેરો ગરમીના ટાપુઓ બનવા જેવી શહેરી આપત્તિઓના સંદર્ભમાં કેવી રીતે વધારી શકાય? શું કાઉન્સિલરો અને મેયરોને નિર્ણય લેવામાં મદદ કરવા બજેટ, અનુદાન, પ્રોજેક્ટ, માર્ગદર્શિકા અને ભંડોળના ઉપયોગની સ્થિતિ વગેરે વિશેની માહિતીની સરળ ઉપલબ્ધિ છે કે નહીં?

આ ઉપરાંત શહેરો પર ડેટાની ઉપલબ્ધતા સુધારવા માટે શું કરી શકાય? જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવનાર છે. આ રાષ્ટ્રીય પરિષદમાં દેશના જુદા-જુદા કુલ ૨૮ રાજ્યોમાંથી મહાનગરો, નગરપાલિકાઓ તથા નગર પંચાયતોના ૭૩, મેયર્સ અને પ્રમુખ પણ ભાગ લેશે. આ બેઠકમાં ગુજરાતમાંથી અમદાવાદ મહાનગરપાલિકા અને રાજકોટ



મહાનગરપાલિકાના મેયર તથા નવસારી ઉપરાંત વિજલપોર નગરપાલિકાના પ્રમુખ ભાગ લેનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧ એપ્રિલ, ૨૦૨૬થી શરૂ થતા ૫ વર્ષના સમયગાળા માટે કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે કરની આવકની વહેંચણી નક્કી કરવા માટે ૧૬મા નાણાપંચની રચના કરવામાં આવી હતી, જેમાં ભારતના સંકલિત ભંડોળમાંથી સહાય આપવાના સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા હતા. ૧૬મા નાણાંપંચ રાજ્યો અને શહેરોના સ્તરે સંબંધિત નાણાકીય અસરો સહિત આબોહવા જોખમોને ધ્યાનમાં લઈ રાજકોષીય નીતિઓ આબોહવા સ્થિતિસ્થાપકતા અને ટકાઉ વિકાસને એકીકૃત કરવાની કામગીરી કરશે.

## જિલ્લા જેલમાં મોરારીબાપુએ બંદીવાનોને કર્મનો સિધ્ધાંત સમજાવ્યો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

મધ્યસ્થ જેલના બંદીવાનોના રીકોર્મેશન તથા બંદીવાનોની મેન્ટલ હેલ્થ ઈમ્પ્રુવમેન્ટ માટે જિલ્લા કાનુનીસેવા સત્તા મંડળ, સહભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ, સહયોગથી તેમજ પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજય, અમદાવાદનાઓની મંજુરીથી મોસરી બાપુ આજ તા. ૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે રાજકોટ મધ્યર્થ જેલ ખાતે પ્રવચન માટે આવ્યા હતાં. બાપુનાઓએ જેલના તમામ બંદીવાન ભાઈઓ તથા બહેનોને કર્મના સિધ્ધાંતનો ઉદ્દેશ અને અર્થ જપાવી, બંદીયાનીને ગુના ખોરીથી દૂર રહેવા તથા તમામ બંદીવાનો વહેલા જેલ મુક્ત થઈ સમાજમાં પુનઃ સ્થાપિત થાય તેવા આશિર્વાદ આપેલ હતા. આ પ્રવચન કાર્યક્રમમાં જિલ્લા કાનૂનીચેવા સત્તા મંડળ, રાજકોટના પુર્ણકાલીન સચિવ કે.એમ ગોહેલ તથા ઇ. ચા. અપિક્ષક ડી.ડી. પ્રજાપતી તેમજ સિનિયર જેલર એમ.આર બાબાનાઓ દ્વારા ખાસ જહેમત ઉઠાવી સુચાફ આયોજન કરેલ હતું. કાર્યક્રમના સમાપનમાં કે. એમ. મૌટેલ તેમજ ઈ.ધા.જેલ અધિક્ષક ડી. ડી. પ્રજાપતીનાઓ દ્વારા બાપુનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. તેમજ જેલના અંદીયાન ભાઈઓ બહેનો દ્વારા પણ બાપુનો કાવ્ય પુર્વક આભાર વ્યકત કરવામાં આવેલ હતો.

## ધરાર પ્રેમીએ જીવ લીધોઃ ધમકીથી ડરી યુવતીએ કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચોટીલા તાબાના પિયાવા ગામે શેઢા પાડોશી ધરાર પ્રેમીના ત્રાસ અને ધમકીથી કંટાળી યુવતીએ ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું. યુવતીના આપઘાતથી પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ચોટીલા તાલુકાના પિયાવા ગામે રહેતી રસીલાબેન વિઠ્ઠલભાઈ પલાળીયા નામની ૧૯ વર્ષની યુવતી ગત તા.૪ ના રોજ સાંજના સાતેક વાગ્યાના અરસામાં પોતાની વાડીએ હતી. ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવતીને ઝેરી અસર થતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેણીની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક રસીલાબેન પલાળીયા બે ભાઈની એકની એક બહેન હતી. પોતાના જ ગામમાં રહેતા શેઢા પાડોશી વિશાલ હીરા કોળી નામનો શખ્સ રસીલાબેન પલાળીયાને પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો અને ત્રાસ આપતો હતો જેથી રસીલાબેન પલાળીયાએ ધરાર પ્રેમી વિશાલની ધાક ધમકીથી કંટાળી ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધુ હોવાનો મૃતક રસિલાબેન પલાળીયાના પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે ચોટીલા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# હાર્ટએટેકથી મહિલાનું મોતઃ બેભાન હાલતમાં છના મૃત્યુ

## સદ્દભાવના વૃધ્ધાશ્રમના ગિરધરલાલ અને ગાંધીગ્રામ રોડ પરથી બેભાન મળેલા આધેડને હોસ્પિટલમાં ખસેડાયા પણ દમ તોડી દેતાં પરિવારજનોમાં શોક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સિવિલ હોસ્પિટલમાં કાળચક્ર ફરી વળ્યું હતું. એક મહિલાનું હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. જ્યારે એક યુવાન, મહિલા, વૃધ્ધા, વૃધ્ધ, પ્રોઢ સહિત છના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતાં.

કોઠારીયા રોડ મેહુલનગર-૫માં રહેતાં બીનાબેન પારસભાઈ ઠાકર (ઉ.વ.૩૯) રાતે બેભાન થઈ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. તેમને સંતાનમાં બે પુત્ર છે. પતિ પ્રાઈવેટ નોકરી કરે છે. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું. બનાવથી પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

બીજા બનાવમાં દોઢસો ફુટ રીંગ રોડ એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર-૧૪માં રહેતાં સુરેશભાઈ બટુકભાઈ ગમારા (ઉ.વ.૪૦) નામના યુવાન ઘરે બેભાન થઈ જતાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત જાહેર થતાં સ્વજનો શોકમાં ડુબી ગયા હતાં. તેને કેન્સરની બિમારી હતી.

ત્રીજા બનાવમાં મોરબી રોડ જુના ગણેશનગર-૩/૫ના ખુણે રહેતાં પુષ્પાબેન અશોકભાઈ બકરાણીયા (ઉ.વ.૫૨)ને કેન્સરની બિમારી હોઈ બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. મૃતકને એક પુત્ર અને એક પુત્રી છે. પતિ સાઈકલ રિપેરીંગનું કામ કરે છે.

ચોથા બનાવમાં આજી વસાહત ખોડિયારપરા શેરી નં. ૧૧માં રહેતાં સુંદરલાલ રામુલાલ અહિરવાલ (ઉ.વ.૬૨) ઘરે સુતા બાદ ન જાગતાં બેભાન હાલતમાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. તેને સંતાનમાં પાંચ પુત્ર અને ચાર પુત્રી છે.

પાંચમા બનાવમાં યુનિવર્સિટી રોડ ભગતસિંહજી ગાર્ડન નજીક આવાસમાં રહેતાં દિનેશભાઈ મનસુખભાઈ ગોહેલ (ઉ.વ.૫૦) યુનિવર્સિટી રોડ નકલંક હોટલ પાસે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે પાંચ ભાઈ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં



બે પુત્ર અને બે પુત્રી છે. તે હોટલમાં મજૂરી કરતાં હતાં.

છઠ્ઠા બનાવમાં ગાંધીગ્રામ ૧૫૦ રીંગ રોડ સદ્દભાવના હોસ્પિટલ પાસેથી અજાણયો આશરે ૪૬ વર્ષના પુરૂષ બેભાન મળતાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. મૃતક રખડતું જીવન જીવતો હતો અને મનોજભાઈ તરીકે ઓળખાતો હતો. યુનિવર્સિટી પોલીસે વાલીવારસની શોધખોળ હાથ ધરી છે.

સાતમા બનાવમાં ગોંડલ રોડ સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં ગીરધરલાલ છગનલાલ પીલોજપરા (ઉ.વ.૫૯) બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં માલવીયાનગર પોલીસને જાણ કરાઈ હતી. તમામ બનાવોમાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, જયેન્દ્રસિંહ જાડેજા, ભાવેશભાઈ, તૌફિકભાઈ, ધર્મેન્દ્રભાઈએ જે તે ડિવીઝનમાં નોંધ કરાવી હતી.

# એકને વગર લગ્ન પત્નીની જેમ ઘરમાં રાખી અને બીજી સાથે લફરાં કર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં નવાગામમાં રહેતા યુવાને જેની સાથે સગાઈ થવાની હતી તે યુવતીને લગ્ન વગર પત્નીની જેમ સાથે રાખી બાદમાં સામાકાંઠાની યુવતી સાથે પ્રેમસંબંધ હોય જેની જાણ થતા બન્ને વચ્ચે ઝઘડાઓ થતા યુવતી માવતરે ચાલી જતા પ્રેમિકાને ઘેર રાખી તેને પણ બોલાવતો હોય અને નહીં આવતા યુવતીને અને તેના પિતાને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ કરતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

મૂળ ચોટીલાના અને હાલ શીતલ પાર્ક પાસે મોચીનગરમાં રહેતી જીગુબેન લાલજીભાઈ વાઘેલાએ ફરિયાદ કરી હતી. જેમાં આરોપી તરીકે નવાગામમાં રહેતો સાહિલ સંજયભાઈ પરમારનું નામ આપ્યું હતું. ફરિયાદમાં જણાવ્યું હતું કે, નવાગામ બસસ્ટેન્ડ પાસે રહેતા સાહિલ સાથે સગાઈની વાત ચાલતી હતી અને અમે બન્ને ફોનમાં વાતચીત કરતા હતા બાદમાં સાહિલના નાના કાનજીભાઈ સોઢાને વાત કરતા તેને સાહિલની જવાબદાર લેવાની ના પાડતા પિતા લાલજીભાઈએ સાહિલ સાથે સગાઈ કરવાની ના પાડી હતી, પરંતુ સાહિલ મને ગમતો હોય તા.૨૬-૭-૨૪ના રોજ રાત્રીના અમે સાહિલને ફોન કરી ઘેર બોલાવ્યો હતો અને મને તેના ઘેર લઈ ગયો હતો અને અમે બન્ને પતિ-પત્ની જેમ રહેતા અને અમારી બન્નેની મરજીથી અનેક વખત શરીરસંબંધ પણ બંધાયા હતા અને સાહિલના પરિવારના કહેવાથી મારા પિતા સાથે ઘેર ગઈ ન હતી અને સાહિલના કહેવાથી અગાઉ પોલીસમાં પણ તેના પિતા વિરુદ્ધ ફરિયાદ કરી હતી. બાદમાં સાહિલને પેડક રોડ રહેતી ખુશી નામની યુવતી સાથે સંબંધ હોય જેથી સાહિલ સાથે ઝઘડો થતા તે તેના પિતાના ઘેર આવી ગઈ હતી.

દરમિયાન સાહિલે ખુશી નામની યુવતીને લગ્ન વગર તેના ઘેર લઈ ગયો હતા અને બન્ને સાથે રહેતા હોય છતાં સાહિલ અવારનવાર તેને પરત ઘેર આવી જવા માટે દબાણ કરતો અને કહેતો કે, તું ઘેર નહીં આવે તો તને જાનથી મારી નાખીશ કહી ધમકી આપતો હોય દરમિયાન તેના પિતાને વાત કરી ફોન આવતા તેને વાત કરવાનું કહેતા તેના પિતાને પણ હું તમને જોઈ લઈશ હવે તમને છોડીશ નહીં કહી ધમકી આપ્યાનું જણાવતા પીએસઆઈ મકરાણીએ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# લીધા ૨૦ હજાર ઉઘરાણી ૯ લાખની : જામકંડોરણા પોલીસ મથકે પાંચ વ્યાજખોર સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જામકંડોરણા પોલીસે પાંચ વ્યાજખોર સામે ગુનો નોંધ્યો છે. જેમાં ફરિયાદી અમિત માવાણીએ વિજય ઘેડ, જયરાજસિંહ જાડેજા, શક્તિ દરબાર, મુસ્તાક કડીવાલા, જયેશ રાઠોડ સામે આક્ષેપો કર્યા છે.

ફરિયાદી અમિત બાબુભાઈ માવાણી (ઉ.વ.૨૯, રહે. કાલાવડ બસ સ્ટેન્ડ, ભારતીબેનના દવાખાના સામે, તા.કાલાવડ, મુળ રહે. જશાપર તા. જામકંડોરણા જિ.રાજકોટ)એ જણાવ્યું કે, હું છેલ્લા એક મહીનાથી શ્રીવ્રજ ટ્રાવેલ્સની ઓફીસમાં નોકરી કરું છું. મારા માતા- પિતા જસાપર ગામે રહે છે. મારે ફેબ્રીકેશનનો ધંધો કરવો હોય.

જેથી મારે પૈસાની જરૂરત હોય, સને ૨૦૨૧ ની સાલમાં અમારા ગામના વિજય દેવરાજ ઘેડ પાસેથી રૂ.૪ લાખ લીધેલ. ૪ ટકા માસીક વ્યાજ પેટે રૂ.૧,૬૦,૦૦૦ વ્યાજ ચુકવેલ. પછી તા.૨/૧૧/૨૦૨૨ ના રોજ રૂ.૬,૫૦,૦૦૦ દેવાના તેવું નોટરી લખાણ કરાવેલ. ૩.૬૦ લાખ ચુકવેલ. પછી વિજયે મારી પાસેથી બે કોરા ચેક મારી સહી વાળા લીધેલ.

પછી વ્યાજ ચૂકવી ન શકતા એકાદ વર્ષ પહેલા વિજય મારી ઘરે આવેલ. મારાં પિતા બાબુભાઈ મેઘાભાઈ માવાણી, માતા ગીતાબેન બધા હાજર હતા તે વખતે વ્યાજની માંગણી કરી છરી કાઢી મારા પિતાના ગળે મુકી હતી. અમે બધા ડરી ગયા હતા. ત્યારે વિજય મારાં પિતાના નામના બે કોરા ચેક લઈ ગયો હતો. ત્યારબાદ મારાં ચેકમાં રૂ.૬,૫૦,૦૦૦ ભરી વિજયએ ચેક બાઉન્સ કરાવ્યો હતો. તેની જામકંડોરણા કોર્ટમાં મારા સામે




ફરીયાદ કરેલ છે.

વધુમાં જણાવ્યું કે, પીપરડી ગામના જયરાજસિંહ જાડેજાની ઓફિસ ભાદરા નાકા પાસે આવેલ છે તેની પાસેથી દોઢ વર્ષ પહેલા રૂ.૩૦,૦૦૦ માસીક ૧૦ ટકા વ્યાજે લીધેલ હતા. તેને રૂ.૧૫,૦૦૦ ચુકવેલ છે. જયરાજસિંહ મારા ઘરે આવી મને કહેલ કે મારે વ્યાજ જોઈતુ નથી મારી મુડી રૂ.૩૦,૦૦૦ તે આપી દે. જામકંડોરણા ભાદરા નાકા પાસે પીળી મેડી પાસે ઓફીસ આવેલ છે.ત્યા શકિત દરબાર પાસેથી દોઢેક વર્ષ પહેલા રૂ.૨૦,૦૦૦ માસીક ૧૫ ટકા વ્યાજે લીધેલ. રૂ.૧૨,૦૦૦ ચુકવેલ છે. પછી વ્યાજની ઉઘરાણી કરી મને બે જાપટ મારેલ હતી. જામકંડોરણા ધોરાજી નાકા પાસે રહેતો મુસ્તાક કડીવાલ પાસેથી દોઢેક વર્ષ પહેલા રૂ.૨૦,૦૦૦ માસીક ૨૦ ટકાના વ્યાજે લીધેલ હતા.તેને મેં રૂ.૪,૦૦૦ ચુકવેલ. પછી હવે વ્યાજ સહિત ૯ લાખની ઉઘરાણી કરે છે. અગીયારેક મહીના પહેલા જયેશભાઈ રાઠોડ (રહે.બોરીયા તા. જામકંડોરણા) પાસેથી રૂ.૧૫,૦૦૦ મહીને ૧૦ ટકાના વ્યાજે લીધેલ. તેને રૂ.૭,૫૦૦ ચુકવેલ. બધા ઉઘરાણી કરતા હોય એટલે મેં મારો મોબાઈલ બંધ કરી દઈ કાલાવડ નોકરી કરવા આવી ગયેલ અને મારાં પિતાએ પોલીસમાં અરજી કરી હતી.

# વલસાડ દુષ્કર્મ-હત્યાનો આરોપી વાપી રેલવે સ્ટેશનથી ઝડપાયો

## ૨૨થી વધુ ચાલીઓમાં તપાસ, રેલવે પ્લેટફોર્મના સીસીટીવી ચેક કરતાં હરિયાણાનો નરાધમ દેખાતાં જ દબોચી લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિદ્યાર્થિની સાથે થયેલા દુષ્કર્મ અને હત્યાના કેસમાં આરોપીને પકડવા માટે છેલ્લા ૧૦ દિવસથી દોડી રહેલી પોલીસની ટીમે વાપી રેલવે સ્ટેશનના સીસીટીવી ફૂટેજ ચકાસતા તેમને એક શંકાસ્પદ વ્યક્તિ જોવા મળ્યો હતો. જે બાબતે તપાસ કરતાં આ શંકાસ્પદ વ્યક્તિ પરપ્રાંતિય હોવાની શક્યતાને જોતા પોલીસે રાજ્ય બહાર પણ તેને પકડવા કવાયત હાથ ધરી હતી. પરંતુ હત્યારો પોલીસ પકડથી દૂર રહેવામાં સફળ રહ્યો હતો. શંકાસ્પદ ઈસમ વાપી રેલવે સ્ટેશન પર ફરતો હોવાના ફૂટેજ મળતા ઘટનાના દિવસથી ગુનાના ઉકેલ માટે રેલવે પોલીસની પણ મદદ લેવામાં આવી રહી હતી. આરોપી સીસીટીવીમાં કેદ થયો હતો

આ દરમિયાન રવિવારે મોડી રાતે વાપી રેલવે સ્ટેશનના પાર્કિંગમાં ઈઈઝટ ફુટેજમાં દેખાયો હતો. શંકાસ્પદ ઈસમ દેખાતા GRP ટીમે ઝડપી પાડયો હતો અને વલસાડ પોલીસને સોંપ્યો હતો. જ્યાં પૂછપરછ દરમિયાન આરોપીએ ગુનાની કબૂલાત કરી હતી. આ શંકાસ્પદ ઈસમ હરિયાણાનો હોવાની માહિતી વલસાડ પોલીસને મળી હતી અને પોલીસ હરિયાણા તપાસ અર્થે ગઈ હતી. જોકે, રવિવારે રાત્રે પોલીસને આરોપીને પકડવામાં સફળતા હાથ લાગી હતી.

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન નજીક મોતીવાળા ફાટક પાસે રહેતા એક શ્રમિક પરિવારની બીકોમના ભીજા વર્ષમાં અભ્યાસ કરતી યુવતી ૧૪ નવેમ્બરે ટયુરાનથી ઘરે પરત ફરી ન હતી. જેથી પરિવારના સભ્યોએ શોધખોળ હાથ ધરી હતી. ત્યારબાદ મોતીવાળા ફાટક નજીક



આવેલ આંબાવાડીમાંથી યુવતીની લાશ મળી આવી હતી. બાદમાં પરિવારના સભ્યો નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા, પરંતુ ફરજ પર હાજર ડોક્ટરે મૃત જાહેર કરી હતી.

ઘટનાની જાણ પારડી પોલીસને કરવામાં આવી હતી, ત્યારબાદ પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે સુરત ખસેડવામાં આવી હતી. રિપોર્ટમાં યુવતી ઉપર દુષ્કર્મ થયું હોવાનું અને ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. પારડી પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. આ કેસમાં વલસાડ જી કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ઉજી એ.કે.વર્મા અને બી.એન.દવેના નેતૃત્વમાં વલસાડ કઈઈ, જઘ્રૠ સહિત વલસાડ જિલ્લા પોલીસની કુલ ૧૦ જેટલી અલગ અલગ ટીમો બનાવી હત્યારાના પકડવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી.

# ગોંડલ, આટકોટ, ધોરાજી સહિત ચાર સ્થળે ચોરી કરનાર તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

રાજકોટ જિલ્લામાં આતંક મચાવનાર તસ્કર ટોળકીના સભ્યને રાજકોટ ગ્રામ્ય એલસીબીએ ઝડપી લઈ રાજકોટ જિલ્લાની સાત ચોરીના ભેદ ઉકેલી નાખ્યા છે. આ ટોળકીએ અગાઉ રાજકોટ ઉપરાંત ભાવનગર, અમરેલી, બોટાદ, ઉમરાળા અને લાઠીમાં પણ ચોરી કરી હોવાનું જાણવા મળ્યું છે. આ નામચીન તસ્કર ટળકીના એક સભ્યની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્ય ચારની શોધખોળ શરૂ કરવામાં આવી છે. મળતી વિગતો મુજબ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે મહિનાથી તરખાટ મચાવનાર તસ્કર ટોળકીના એક સભ્યને ગ્રામ્ય એલસીબીના પીઆઈ વી.વી. ઓડેદરા અને તેમની ટીમે ગોંડલમાંથી ઝડપી લીધો હતો. મુળ ભાવનગર જિલ્લાના વલભી પુર તાલુકાના જાડિયા ગામનો ભરત ઉર્ફે પથુ મનસુખ જસમત વાઘેલાની



ધરપકડ કરી પુછપરછ કરતા ભરતે તેનો ભાઈ ભયલુ મનુ જસમત વાઘેલા ઉપરાંત ઉમરાળાના સંજય હરેશ પરમાર, મુકેશ રમેશ સોલંકી અને ગોંડલના રણજીત ધીરુ સોલંકી સાથે મળી રાજકોટ જિલ્લામાં સાત ચોરી કરી હોવાનું કબુલ્યું હતું.

જેમાં ગોંડલ તાલુકાના લુણીવાવ ગામે એક મકાનમાંથી રૂા. ૧.૫૩ લાખ, લોધીકાના થોરડી ગામે મકાનમાં સાંણથલી વેરાવળમાં મકાનમાં હાથફેરો કર્યો હોવાનું તેમજ રામોદ પાસે મોટા માંડવા જેતપુરના લુણાગરી, ધોરાજીના મોટી પરબડી અને ગોંડલ પાસેના વેજા ગામમાં ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. ગ્રામ્ય એલસીબીએ રૂમ. ૩૫ હજારના મુદ્દામાલ સાથે ભરતની ધરપકડ કરી અન્યની શોધખોળ શરૂ કરી છે. આ ટોળકી દિવસ દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં ફરી રેકી કરી બાદમાં બંધ મકાનને નિશાન બનાવતી હતી. આ ટોળકીએ અગાઉ રાજકોટ, ભાવનગર, પંથકમાં અલગ અલગ ગુનામાં ૨૭થી વધુ ચોરીના ગુનામાં સંડોવાયેલ છે. પુછપરછમાં હજુ વધુ ચોરીના ભેદ ખુલશે. રેન્જ આઈજી અશોક કુમાર યાદવ, ડીઆઈજી જયપાલસિંહ રાઠૌડની સુચનાથી એલસીબીના પીઆઈ વી.વી. ઓડેદરા સાથે સ્ટાફના બાલકૃષ્ણ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, રવિદેવભાઈ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, વકારભાઈ આરબ, રોહિતભાઈ બકોત્રા, ભગીરથસિંહ જાડેજા, ધર્મેશભાઈ બાવળિયા સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

# મનહર પ્લોટમાં આવેલ ડેલામાંથી ૭૦ વર્ષ જુના ત્રાંબા અને પિતળના વાસણોની ચોરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મનહર પ્લોટમાં નિવૃત્ત શોપ ઈન્સ્પેકટરના ડેલામાંથી ૭૦ વર્ષ જુના ત્રાંબા અને પિતળના વાસણોની ચોરી કરી તસ્કરો નાસી છુટતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે ગોંડલ રોડ પર વિજય પ્લોટ શેરી નં.૭માં વેલજીભાઈ સવજીભાઈ મકવાણા (ઉ.વ.૮૦)એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ મહાનગરપાલિકામાં શોપ ઈન્સ્પેકટર તરીકે નોકરી કરતા હતા. તેઓને મંગળા મેઈન રોડ પર મનહર પ્લોટ શેરી નં. ૧૩/૨૫ પાસે ૬૦ વારનો ડેલો આવેલ છે. જેમાં આવેલ ચાર રૂમમાં ત્રાંબા અને પીતળના વાસણો રાખેલ હતા. ગત તા. ૧૫-૯ના તેઓ ઘરેથી તેમના ડેલા પર આંટો મારવા ગયેલ હતા. જયાં તેઓના રૂમનો દરવાજો ખુલ્લો હતો અને રૂમની અંદર કબાટમાં રાખેલ વસ્તુઓ વેરવિખેર હાલતમાં પડી હતી તેમજ અન્ય રૂમ ચેક કરતા અન્ય રૂમના તાળા




તૂટેલા જોવા મળ્યા હતા.

રૂમમાં રાખેલ જુના ત્રાંબાના અને પિતળના ૧૬ જેટલા વાસણો રૂા. ૭૦ હજારનો મુદામાલ જોવામાં આવેલ નહીં જેથી બાજુમાં આવેલ ફલેટના સીસીટીવી કેમેરા જોતા તેમાં બે અજાણ્યા શખ્સો ડેલાની પાછળની દિવાલથી ગૃહપ્રવેશ કરી ચોરીને અંજામ આપી નાસી છુટતા જોવા મળ્યા હતા.

બનાવ અંગેની ફરિયાદ પરથી એ ડીવઝન પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોને પકડવા ચક્રોગતિમાન કર્યા છે.

# નકલી DCP! દારૂની રેડ પાડવો ગયો, લોકોએ ઢીબી નાખ્યો

## ચુનારાવાડનો બનાવઃ પ્રેસ લખેલા એકટીવામાં આવેલા શખ્સે પોલીસની ઓળખ આપી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં પણ વધુ એક નકલી પોલીસ અધિકારી સામે આવ્યો છે. એક વાયરલ થયેલ વિડીયોમાં પ્રેસ લખેલ એકટીવામાં બેસેલ શખ્સ પોતે ડીસીપી હોવાનું કહી દારૂનો દરોડો પાડવા ગયા હોવાની કબુલાત આપતો જોવા મળી રહ્યો છે. વિડીયો વાયરલ થતા જ પોલીસ એકશનમાં આવી હતી અને તે શખ્સને પકડી સઘન પુછતાછ હાથ ધરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર વિડીયો ચુનારાવાડ વિસ્તારનો હોવાનું પ્રાથમિક તબકકે સામે આવ્યું છે. વાયરલ થયેલ વિડીયોમાં લોહીલુહાણ દેખાતો શખ્સ પોતે પહેલા ડી સ્ટાફની ઓળખ આપ્યા બાદ પોતે ડીસીપી હોવાનું પણ જણાવતો નજરે પડયો હતો. વધુમાં પોલીસે ઉમેર્યું હતું કે, દરોડો પાડવા ગયેલ શખ્સને પકડી



લીધો હતો. તેની પુછતાછમાં જાણવા મળ્યું હતું કે તેમનું નામ અજય છે અને તે માધાપરમાં રહે છે. તે ચુનારાવાડ વિસ્તારમાં રહેતા વિજય નામના શખ્સના ઘરે રેડ પાડવા માટે ગયો હતો. જેથી થોરાળા પોલીસે તેમની સઘન પુછતાછ આદરી હતી.વધુમાં પોલીસે ઉમેર્યુ કે, જેમના ઘરે અજય રેડ પાડવા ગયો તે પણ દારૂના ધંધા સાથે સંકળાયેલ છે. અજય ઘર બહાર નીકળતો હતો ત્યારે તેના સ્થાનિક લોકોએ તેમને પકડી પાડયો હતો અને મેથીપાક ચખાડતા તે લોહીલુહાણ થયો હતો. તેમજ લોકોએ તેમને પકડી વિડીયો ઉતારી પુછતાછ કરતા પહેલા ડી સ્ટાફ અને બાદમાં ડીસીપીની ઓળખ આપી હતી.

# શિવનગરની યુવતિએ સગાઈ તોડી નાખતા નામચીન શખ્સે મચાળ્યો આંતક

## નામચીન શખ્સ મહેશ વકાતર અને તેનો પરિવાર અવાર નવાર ધમકી આપતો હોવાની ફરીયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના કુવાડવા રોડ પર શીવનગરમાં રહેતી યુવતીની સગાઈ મોટા મવાના યુવાન સાથે થઈ હોઈ પણ યુવતીના પિતાનું અવસાન થયું હોઈ છતાં યુવાન લગ્ન કરવાનું દબાણ કરતો હોઈ અને સતત પરેશાન કરતો હોઈ યુવતિના પરિવારજનોએ સગાઈ તોડી નાખતા અને આ યુવાનની બહેનની સગાઈ પણ શીવનગરની યુવતિના ફઈના દીકરા સાથે થઈ હોઈ તે પણ તૂટી જતાં મોટા મવાના યુવાને ખાર રાખી તેના ભાઈ, બહેન, ભાભી સાથે મળી અવાર-નવાર યુવતિના ઘરે જઈ, ફોન કરી લગ્ન તો મારી સાથે જ કરવા પડશે નહિતર બહાર નીકળીશ તો મારી નાંખીશ કહી સતત ધમકીઓ આપી હોઈ અંતે પોલીસને જાણ કરવામાં આવી છે. બી-ડિવીઝન પોલીસે કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસે શીવનગર-૪માં રહેતાં તુલજાબેન મચ્છાભાઈ ઢુંગા (ઉ.વ.૨૮)ની ફરિયાદ પરથી મોટા મવા સ્મશાન સામે હનુમાનજીની ડેરીવાળી શેરીમાં રહેતાં ઉત્તમ ગાંડુભાઈ ભુરાભાઈ વકાતર, મહેશ ગાંડુભાઈ ભુરાભાઈ વકાતર, શ્રધ્ધાબેન ગાંડુભાઈ વકાતર અને મનિષાબેન મહેશભાઈ વકાતર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

તુલજાબેન ઢુંગાએ પોલીસને જણાવ્યું હતું કે, હું મારા માતા જોશનાબેન તથા બે ભાઈઓ માધવભાઈ અને ગાંડુભાઈ સાથે રહુ છું. એક બહેન સાસરે છે. મારા પિતાનું અગાઉ અવસાન થયું હતું. દોઢ વર્ષ પહેલા મારી સગાઈ મોટા મવા સ્મશાન સામે રહેતાં અમારી જ્ઞાતિના ગાંડુ ભુરાભાઈ વકાતરના દીકરા ઉત્તમ સાથે થઈ હતી. એ પછી ઉત્તમની બહેન હીનાની સગાઈ મારા ફઈના દીકરા સુનિલ સાથે થઈ હતી. જ્ઞાતિના રિવાજ મુજબ અમોને ઉત્તમના પરિવારે સોના ચાંદીના ઘરેણા અને સગાઈને લગતી બીજી ચીજવસ્તુઓ આપી હતી.

એ પછી ઉત્તમ અને તેના ભાઈ મહેશ વકાતરે અમારા ઘરે આવીને તેમજ ફોન કરીને અવાર-નવાર કહ્યું કે, તારા લગ્ન આ વર્ષે જ કરવાના છે, જેથી મેં હાલ મારા પિતાનું અવસાન થયું હોઈ જેથી અમારે લગ્ન કરવા હાલ પૈસાની સગવડ નથી, એકાદ વર્ષ લગ્ન થઈ શકે તેમ નથી તેવું કહ્યું હતું. આથી ઉત્તમ અને મહેશ ગુસ્સે થઈ ગયા હતાં અને કહેલું કે-તો પછી કોર્ટ મેરેજ કરી લે, બાકી લગ્ન તો તારે આ વર્ષે જ કરવા પડશે. જેથી મેં તેને લગ્ન નહિ થઈ શકે તેમ કહ્યું હતું. ત્યાર બાદ પણ ઉત્તમ અને મહેશ અવાર-નવાર અમારી ઘરે આવી લગ્ન કરવાનું દબાણ કરી મારી સાથે અને મારા ભાઈઓ સાથે માથાકુટ કરતાં હતાં. આથી અમે વડીલોને વાત કરી હતી.તેમજ મારા ફઈના દીકરા હિતેષભાઈ રમેશભાઈ સિંધવને જાણ કરતાં તેણે પણ આ બંનેને સમજાવ્યા હતાં. પરંતુ તે સમજતા ન હોઈ આઠેક મહિના પહેલા મારી ઉત્તમ સાથેની સગાઈ તોડી નાખવામાં આવી હતી. તેમજ ઉત્તમની બહેન હીનાની સગાઈ જે મારા ફઈના દીકરા સુનિલ સાથે થઈ હતી તે પણ તોડી નાખવામાં આવી હતી. સગાઈ વખતે મને ચડાવેલા દાગીના મારા ભાઈઓએ કરણભાઈના ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે મનિષાબેન, હીનાબેન, મશેભાઈની હાજરીમાં પાછા આપી દીધા હતાં. આ કારણે એ લોકોને માઠુ લાગતાં ઉત્તમ અને મહેશે તા.૮/૮/૨૦૨૪ના રોજ રાતે સવા બારેક વાગ્યે બ્રહ્માણી પાર્ક-૩માં મારા ફઈના દિકરા



હિતેષભાઈના ઘરે જઈ ગાળાગાળી કરી હતી અને નાશી ગયા હતાં. બાદ ભાઈબીજના દિવસે ૩/૧૧/૨૦૨૪ ના રોજ હું અને મારા માતા, ભાઈઓ ઘરે હતાં ત્યારે પણ ઉત્તમે આવી અમને બધાને બહાર આવવાનું કહી ગાળો દીધી હતી.

અમે બહાર ન નીકળતાં ઉત્તમે- સગાઈ તો તારે મારી સાથે જ કરવી પડશે, નહિતર બહાર નીકળીશ તો મારી નાખીશ તેવી ધમકી આપી હતી અને જતો રહ્યો હતો. ત્યાર બાદ મહેશ, તેના બહેન શ્રધ્ધા, તેની પત્ની મનિષા અને ઉત્તમ ગમે ત્યારે અમારી ઘરે આવી ગાળો દઈ મારા લગ્ન ઉત્તમ સાથે જ કરવાના છે, તેમ કહી સતત ધમકાવી માનસિક રીતે હેરાન કરતાં હોઈ ઉત્તમ, તેના નાના ભાઈ મહેશ તથા તેની બહેન શ્રધ્ધા અને ઉત્તમની ભાભી મનિષા વિરૂધ્ધ ફરિયાદ કરવી પડી હતી. પોલીસે હાલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રેસકોર્સમાં રામકથામાં લોકોના ખિસ્સા ફંફોળતા ૨૦ શખ્સો પોલીસની ઝપટે ચડ્યા

શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં પૂ. મોરારીબાપુની રામકથામાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવાના આવ્યો છે. કથામાં પાકીટ અને મોબાઈલ ચોરીના બનતા બનાવો ન બને તે માટે પ્ર.નગર પોલીસે બે દિવસમાં ૨૦ થી વધુ શકમંદોને ઉઠાવી પુછપરછ હાથધરી છે. મળતી વિગત મુજબ રેસકોર્ષ ગ્રાઉન્ડમાં પૂ. મોરારી બાપુની રામકથાનું ભવ્ય આયોજન કરવામાં આવત લોકો બહોળી સંખ્યામાં આ કથામાં આવતા હોઈ, તેથી કથામાં લોકોના પાકીટ અને મોબાઈલ ચોરીના બનાવો બને તે માટે પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ત્યારે પ્ર.નગર પોલીસ મથકના પી.આઈ. એમ.એ. ઝણકાંટ, તથા પી.એસ.આઇ. આઈ. એ.બેલીમ સહિતના સ્ટાફે રેસકોર્ષ ગ્રાઉન્ડમા૦ ચાલી રહેલી રામકથામાં ચેકીંગ, હાથધરી બે દિવસમાં ૨૦ થી વધુ શંકાસ્પદ શખ્સોને ઉઠાવી લઈ પૂછપરછ હાથધરી છે. આ શખ્સો અમદાવાદ, ચોટીલા અને બગસરાના હોવાનું જાણવા મળ્યું છે.

# કોઠારીયાના યુવાનનું બિલ્ડીંગના ચોથા માળેથી પટકાતા મોત

શહેરના નવા દોઢસો ફટ રીંગ રોડ પર નવી બનતી બિલ્ડિંગના ચોથા માળેથી પટકાતા શ્રમિક યુવાનનું મોથ નીપજ્યુ હતુ. કોઠારીચા ગામનો યુવાન કડિયા કામ કરતો હતો ત્યારે અકસ્માતે નીચે પટકાવાથી મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. જાણછા મળતી વિગત મુજબ કોઠારીચા ગામે પાવર હાઉસ પાસે રહેતો કેતન અરવિંદભાઈ સોલંકી (ઉ.વ.૨૯) નામનો યુવાન ગઈ કાલે નવા દોઢસો ફટ રીંગ રોડ પર ફાર્મની ફિલ્સ નામની નવી બનતી બિલ્ડિંગ સાઈટ ઉપર કડિંયા કામ કરતો હતો ત્યારે અકસ્માતે ચોથા માળેથી નીચે પટકાતા તેને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. આ અંગે તાલુકા પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક કેતન બે ભાઈ અને એક બહેનમાં નાનો અને અપરિણીત હતો. તે કડિયા કામ કરતો હતો.